અકસ્માત કરનાર કારમાંથી પોલીસ લખેલી પ્લેટ મળી આવી

ચાંદખેડા પાસે કારચાલકે લોડિંગ રિક્ષાને ટક્કર મારતા ૧૧ વર્ષના કિશોરનું મોત

અકસ્માતમાં પિતા ઈજાગ્રસ્ત, લોકોએ આરોપીને પકડી પોલીસને સોંપ્યો

। અમદાવાદ ।

ચાંદખેડા આઈઓસી રોડ પર પોલીસ લખેલ પ્લેટ રાખેલી કારે પુરઝડપે ચલાવીને લોડીંગ રીક્ષાને ટક્કર મારી હતી. જેથી લોડીંગ રીક્ષામાં સવાર પિતા અને ૧૧ વર્ષનો પુત્ર રસ્તા પર પટકાઈ પડ્યા હતા. જેમાં પુત્રને ગંભીર ઈજાઓ પહોંચતા ઘટના સ્થળે જ મોત નિપજ્યુ હતુ. જ્યારે પિતાને સારવાર માટે હોસ્પિટલ મોકલી આપવામાં આવ્યા હતા. આ અંગે એલ ડિવિઝન ટ્રાફિક પોલીસે કાર ચાલક સામે ગુનો નોંધી તેની ધરપકડ કરી છે. કારમાં પોલીસ લખેલી પ્લેટ મળી આવી હોવાથી પોલીસે તે દિશામાં પણ તપાસ શરૂ કરી છે.

ચાંદખેડાના ગુજરાત હાઉસીંગ બોર્ડ ખાતે રહેતા ૪૧ વર્ષીય ગંગારામ ગૂજ્જર લોડીંગ રીક્ષા ચલાવે છે. રવિવારે બપોરના સમયે તેઓ તેમના ૧૧ વર્ષના દિકરા શંકર ગૂજ્જર સાથે લોડીંગ રીક્ષા લઈને ચાંદખેડા આઈઓસી રોડ સ્નેહા પ્લાઝા પાસેથી પસાર થઈ રહ્યા હતા. તે સમયે પુરઝડપે આવી રહેલ ટોયેટા ટીયાગો કારે લોડીંગ રીક્ષાને ટક્કર મારી હતી. જેના કારણે ગંગારામ અને પુત્ર શંકર બન્ને રસ્તા પર પટકાઈ પડ્યા હોવાથી શંકરનું ગંભીર ઈજાઓ થવાથી ઘટના સ્થળે જ મોત નિપજ્યુ હતુ. જ્યારે ઈજાગ્રસ્ત ગંગારામને સારવાર માટે હોસ્પિટલ મોકલી આપ્યા હતા. અકસ્માત બાદ આસપાસના લોકો ભેગા થઈ ગયા હતા અને કાર ચાલક ભાગે તે પહેલા જ તેને પકડી પોલીસને સોંપ્યો હતો. એલ ડિવિઝન ટ્રાફિક પોલીસે કાર ચાલક તરુણ પરમાર સામે ગુનો નોંધી ધરપકડ કરી છે. તરૂણ પરમાર મણીનગર ખાતે રહેતો અને મારુતિ કુરિયર કંપનીમાં નોકરી કરતો હોવાનું પૂછપરછમાં સામે આવ્યુ હતુ. જ્યારે કારમાં પોલીસની પ્લેટ મળી આવી છે. આરોપી પોલીસમાં નથી તોતે પ્લેટ કેમ લગાવી છે તે મામલે હાલ તપાસ કરાઈ રહી છે.

રેલવેની અવ્યવસ્થા વચ્ચે મહાકુંભ ગયેલા હજારો અમદાવાદીઓ ટ્રેનો ચૂક્યા, પ્રયાગરાજમાં જ ફસાયા

રવિવારે હવાઇ ભાડું ૬૦ હજાર, ખાનગી બસનું ભાડું પાંચ હજાર વસૂલી રીતસરની લૂંટ ચલાવાઈ

પ્રયાગરાજ સંગમ રેલવે સ્ટેશન બે દિવસ બંધ રહેતા મુસાફરો સ્ટેશન, ટ્રેન અને પ્લેટફોર્મને લઇને મૂંઝવણમાં મુકાયા

માલસામાન અને સહપરિવાર સાથે અનેક પરિવારો આમતેમ ફાંફે ચઢ્યા, સ્ટેશનો પર રાત વિતાવવા મજબૂર

અંધાધૂંધી વચ્ચે ટ્રેનો ચૂક્યા, ટ્રેન પ્લેટફોર્મ પર હોવા છતાંય અતિ ભીડના કારણે ટ્રેનમાં બેસી પણ ન શક્યા

। અમદાવાદ ।

અમદાવાદથી પ્રયાગરાજ ગયેલા હજારો શ્રદ્ધાળુઓ હાલ ત્યાં ટ્રાફિકજામ, હાઉસફૂલ ટ્રેનો, ઊંચા વિમાની ભાડા, ખાનગી બસોની ઉઘાડી લૂંટ વચ્ચે ફસાઈને પડ્યા છે. તા.૧૫, અને ૧૬ આમ બે દિવસ પ્રયાગરાજ સંગમ રેલવે સ્ટેશન બંધ રહ્યા બાદ ભીડ અન્ય રેલવે સ્ટેશનોએ પહોંચી હતી. આ સ્થિતિમાં જાણકારીનો અભાવ, ચારેબાજુ અંધાધૂંધી, ટ્રેનો અને પ્લેટફોર્મના સમય અને સ્થાન સતત બદલાવાના કારણે અનેક ગુજરાતીઓ ટ્રેનો ચૂકી ગયા હોવાનું જાણવા મળે છે. હાલ સહપરિવાર કેટલાક પરિવારો રેલવે સ્ટેશને અટવાઈ પડ્યા છે અને બીજી ટ્રેનોની કાગડોળે રાહ જોઈ રહ્યા છે.

રવિવારે પ્રયાગરાજથી અમદાવાદનું હવાઇ ભાડું ૬૦ હજાર સુધીનું વસૂલવામાં આવ્યું હતું. સોમવારનું ભાડું મિનિમમ ૧૬,૮૨૯ થી લઈને ૬૧,૪૪૭ રૂપિયા જેટલું બોલાતા હવાઈ મુસાફરીનો વિકલ્પ ગરીબ અને મધ્યમવર્ગ માટે બંધ થઈ ગયો છે. તેવા ટ્રેનોની અવ્યવસ્થાએ પ્રયાગરાજમાં અમદાવાદથી ગયેલા શ્રદ્ધાળુઓને ભારે હાલાકીમાં મૂકી દીધા છે.

ટ્રેનોમાં ચઢવું-ઉતરવું પણ મુશ્કેલ બન્યું છે, માલસામાન અને સહપરિવાર સાથે લોકો પ્રયાગરાજમાં આમતેમ રેલવે સ્ટેશનો અને પ્લેટફોર્મો પર ધક્કા ખાઈ રહ્યા છે. તેમાંય બાળકો, મહિલાઓ અને વૃદ્ધોની હાલત વધુ કફોડી બની હોવાનું ત્યાં હાજર અમદાવાદી શ્રદ્ધાળુઓનું કહેવું છે. સંગમસ્થળેથી ૧૦ જેટલા કિ.મી. ચાલીને રેલવે સ્ટેશને પહોંચવાનું અને તેમાંય ટ્રેનો ચૂકી જવું, અતિભીડમાં ટ્રેનમાં ચઢી જ ન શકાય તેવી સ્થિતિનું નિર્માણ થવું સહિતની સમસ્યાઓનો લોકો સામનો કરી રહ્યા છે.

પ્રયાગરાજથી અમદાવાદ આવતી ટ્રેન નં. ૧૯૪૩૬ તા.૨૩ ફેબ્રુઆરી, ૨,૯,૧૬ અને ૨૩ માર્ચ સુધી નોરૂમના પાટિયા વાગી ગયા છે. તા.૧૭ ફેબ્રુઆરીની ૦૯૪૦૪ નંબરની અમદાવાદ કુંભ સ્પેશિયલ ટ્રેન હાઉસફૂલ થઈ ગઈ છે. આ સ્થિતિમાં તા. ૧૬ ફેબ્રુઆરીને રવિવારે ખાનગી બસોમાં પ્રયાગરાજથી અમદાવાદ આવવાનું વન-વેનું ભાડું ૪,૫૦૦થી ૫,૦૦૦ પ્રતિ મુસાફર વસુલાયું હતું.

અમદાવાદ, સાબરમતી રેલવે સ્ટેશને દિલ્હીવાળી ન થાય એ માટે બે સ્પેશિયલ ઓફિસર નિમાયા

આગામી ૧૦ દિવસોમાં પ્રયાગરાજ માટે ૩૨ ટ્રેનોની અવર-જવર રહેવાની છે ત્યારે સાવચેતી જરૂરી બની

। અમદાવાદ ।

અમદાવાદ અને સાબરમતી રેલવે સ્ટેશનેથી પ્રયાગરાજ માટે ઉપડતી ટ્રેનોમાં ભીડ નિયંત્રણ માટે અમદાવાદ વિભાગ દ્વારા અસરકારક પગલાં લેવાનું નક્કી કરાયું છે. દિલ્હી રેલવે સ્ટેશને ભીડ અને દોડધામમાં ૧૮ મુસાફરોના મોત બાદ આ નિર્ણય લેવાયો છે. અમદાવાદ અને સાબરમતી સ્ટેશને એક-એક સ્પેશિયલ ઓફિસર નિમવામાં આવ્યા છે. જે સમગ્ર સ્થિતિનું નિયંત્રણ અને દેખરેખ રાખી કોઈ પણ પ્રકારની અનિચ્છનીય ઘટના બનતી રોકવા શક્ય તમામ પ્રયાસો કરશે.

આગામી તા.૨૬ ફેબ્રુઆરી સુધી અમદાવાદ રેલવે સ્ટેશનેથી ૮ અને સાબરમતી રેલવે સ્ટેશનેથી ૮ મળીને કુલ ૧૬ ટ્રેનો પ્રયાગરાજ માટે દોડાવાશે. તેવી જ રીતે પરતમાં પણ ૧૬ ટ્રેનો આવવાની છે. આમ બંને સ્ટેશનો ઉપર આગામી ૧૦ દિવસમાં પ્રયાગરાજ જતી-આવતી મળીને કુલ ૩૨ ટ્રેનોનું સંચાલન થવાનું છે.

અમદાવાદથી પ્રયાગરાજ જવા શ્રદ્ધાળુઓનો અતિભારે ધસારો જોવા મળી રહ્યો છે. ટ્રેનો હાઉસફૂલ છે, લાંબુ વેઈટિંગ લિસ્ટ છે. જનરલ ટિકિટ બેફામપણે આપવામાં આવી રહી છે. તેવામાં સગાં-વ્હાલાંઓને લેવા-મૂકવા આવનારા સ્વજનો માટે પણ પ્લેટફોર્મ ટિકિટનું આડેધડ વિતરણ થઈ રહ્યું છે. પ્રયાગરાજની ટ્રેનો સિવાય પણ અમદાવાદ, સાબરમતી રેલવે સ્ટેશનેથી રોજની ૧૦૦થી વધુ ટ્રેનોની અવર-જવર હોવાથી બંને સ્ટેશનો દરરોજ ભારે ભીડ વચ્ચે લદાઈ ગયા છે.

તેવામાં ગઈકાલની દિલ્હી રેલવે સ્ટેશનની દુર્ઘટના બાદ રેલવે તંત્ર સફાળું જાગ્યું છે અને અન્ય સ્ટેશનો પર આવી દુર્ઘટનાઓનું પુનરાવર્તન ન થાય તેની તકેદારી માટે જરૂરી પગલા લેવાનું શરૂ કરાયું છે. આરપીએફનો બંદોબસ્ત , સીસીટીવી કેમેરાથી નિરિક્ષણ વધારી દેવાયું છે. અતિભીડ વચ્ચે ક્રાઉડ મેનેજમેન્ટ માટે પ્લેટફોર્મ ટિકિટનું વિતરણ પણ ભવિષ્યમાં બંધ કરવું પડે તેવી શક્યતાઓ પણ જોવાઈ રહી છે. કારણકે મુસાફરોના જીવથી વધારે પ્લેટફોર્મની ટિકિટની કિંમત નથી.

E-TENDER, No. GCSC/Civil/RC/2025/89 (Correted)
Gujarat Council of Science City
Science City Road, Ahmedabad -380060
Phone: 91-79 29703122
Mail: mgr-infra-gcsc@gujarat.gov.in ,
Web- https://www.sciencecity.gujarat.gov.in
SCIENCE CITY AHMEDABAD
GCSC invites E-Tender for Tender of Rate contract for various Maintenance, repair and civil works for various buildings under GCSC, Ahmadabad. Details of the above mentioned Tender can be seen from above mentioned website of Science City. Interested Parties may bid through online on https://www.tender.nprocure.com
The last date of bid is 20/2/2025 up to 6:00pm
Executive Director 15/2/2025
કમાઠ/સંમાલિ/અમદ/૫૪૬૬/૨૦૨૫

ગ્રાહક હિતની વાતો નામ માત્રની, લોકો વજન, માપમાં છેતરાઈ રહ્યા છે

ગુજરાતનું તોલમાપ ખાતું રામભરોસે ૩૮૧માંથી ૨૯૬ જગ્યા ખાલી પડી

। અમદાવાદ ।

ગ્રાહક સુરક્ષાના અગત્યના ખાતા લીગલ મેટ્રોલોજી-તોલમાપ ખાતમાં રાજ્યભરમાં મંજૂર ૩૮૧ માંથી ૨૯૬ જગ્યાઓ ખાલી પડી છે. જેને લઈને ગ્રાહક હિત કોરાણે મૂકાઈ ગયું છે. તોલમાપ ખાતાની અસરકારક કામગીરી ન થવાના કારણે દરરોજ ગ્રાહકો ઓછા વજન, માપમાં રીતસરના છેતરાઈ રહ્યાં છે. ગ્રાહકોની ફરિયાદો છતાંય જોનાર કોઈ ન હોય તેવો ઘાટ ઘડાયો છે !

પેટ્રોલ, ડીઝલ, સીએનજીમાં ઓછા વજન , માપ અંગેની વ્યાપક ફરિયાદો વચ્ચે ગ્રાહકો રીતસરના છેતરાઈ રહ્યા છે. બીજી બાજુ પેકેજમાં મળતી ચીજવસ્તુઓની એક્સપાયરી ડેટ, કિંમત, પેકિંગ માસ અને વર્ષ, ઉત્પાદકનું નામ, સરનામું, કસ્ટમર કેર નંબર, ઈમેલ એડ્રેસ સહિતના ડિકલેરેશન લખવા ફરજિયાત હોવા છતાંય આજદીન સુધી તેની તપાસ, અમલ બાબતે ધ્યાન આપવામાં આવી રહ્યું ન હોવાની ફરિયાદો ઊઠી છે. જુનિયર અને સિનિયર ઈન્સ્પેક્ટરો તથા મદદનીશ નિયંત્રકોએ ફિલ્ડ ડ્યૂટી કરી ગ્રાહકોના હિતમાં કામગીરી કરવાની હોય છે. છતાંય આ જગ્યાઓ ખાલી છે. ગ્રાહક સુરક્ષા ડેપ્યૂટી ડાયરેક્ટરની જગ્યા પણ ખાલી પડી છે.

ગુજરાતમાં કઇ કેટલી જગ્યાઓ ખાલી છે ?

જગ્યા	મંજૂર	ખાલી
જૂનિયર ઇન્સ્પેક્ટર	૧૮૩	૧૧૨
સિનિયર ઇન્સ્પેક્ટર	૩૮	૨૯
મદદનીશ નિયંત્રક	૨૮	૧૭
જૂનિયર કલાર્ક	૬૧	૫૨
પટાવાળા	૧૧૪	૮૪
ડેપ્યુટી ડાયરેક્ટર	૧	૧
એકાઉન્ટ ઓફિસર	૧	૧
કુલ	૩૮૧	૨૯૬

(નોંધ: તા. ૧-૧-૨૦૨૫ની સ્થિતિએ ખાલી જગ્યાના આંકડા છે)

સાંકેતીક કબજા નોટીસ
ICICI Bank
બ્રાંચ ઓફિસઃ આઈસીઆઈસીઆઈ બેંક લીમીટેડ, ઓફીસ નં. ૨૦૧-બી, બીજો માળ, રોડ નં. ૧, પ્લોટ નં. બી-૩, વાઈકાઈ આઈટી પાર્ક, વાગલે ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, થાણે (વેસ્ટ)-૪૦૦ ૬૦૪.
આથી સિકયુરીટાઈઝેશન રિકન્સ્ટ્રકશન ફાઈનાન્સ એસેટ એન્ડ ઈન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ અને સિકયુરિટી ઈન્ટરેસ્ટ ઈન્ફોર્સમેન્ટ ૨૦૦૨ ની કલમ ૧૩ (૧૨) તેની સાથે અનુચ્છેદ ૩ સાથે વાંચતા મળેલી સત્તાની રૂએ આઈસીઆઈસીઆઈ બેંક લીમીટેડ ના સત્તાવાર અધિકારીએ નીચે જણાવેલ લોકોને માંગણા નોટીસ આપી છે. આ નોટીસ આપ્યાથી ૬૦ દિવસની અંદર અહીં દર્શાવેલા નાણા ભરી જવા જણાવવામાં આવે છે. કરજદારો નાણા ચૂકવવામાં નિષ્ફળ ગયા હોવાથી, કરજદારો અને સામાન્ય જનતાને નોટીસ આપીને જાણ કરવામાં આવે છે કે નીચે સહી કરનાર અધિકારી એ અહી જણાવેલી મિલ્કતનો સાંકેતીક કબ્જો લીધો છે જે કલમ ૧૩ (૪) અનુચ્છેદ ૮ સાથે વાંચતા મળેલી સત્તાની રૂએ કાર્યવાહી કરી છે. કરજદારો અને સામાન્ય જનતાને આથી ચેતવણી આપવામાં આવે છે કે આઈસીઆઈસીઆઈ બેંક લીમીટેડ પાસે આ મિલ્કત ટાંચમાં હોય કરજદારો અને સામાન્ય જનતાએ કોઈ પણ પ્રકારનો વ્યવહાર કરવો નહી. મિલ્કત સાથેનો કોઈ પણ વ્યવહાર આઈસીઆઈસીઆઈ બેંક લીમીટેડના શુલ્ક ને આધીન રહેશે.

ક્રમ નં	કરજદાર નામ અને લોન એકાઉન્ટ નંબર	મિલ્કતનું વર્ણન/ સાંકેતીક કબજાની તારીખ	ડીમાન્ડ નોટીસની તારીખ/ ડીમાન્ડ નોટીસની રકમ (રૂ.)	શાખાનું નામ
૧.	મે. સયમીટ રીયાર્જવાલે પ્રાઈવેટ લીમીટેડ અને શ્રી મનીષ જયાબેનભાઈ ગોસ્વામી અને શ્રીમતિ રેખા મનીષ ગોસ્વામી/ 777705180319	યુનિટ નં.૭૧૨, બ્લોક નં. એ-૧ નો સાતમો માળ, બિઝીંગ સાથે કિંખા બિઝનેશ પાર્ક ના નામે ઓળખાય છે, એન. એ. જમીન બેરીંગ ફાઈનલ પ્લોટ નં. ૯૬/૫, ૯૬/૭ અને ૯૬/૬ ના એકીકૃત રેવન્યુ સર્વે નં. ૩૨૨/૭ ઉપર બાંધેલ, રેવન્યુ સર્વે નં. ૩૨૨/૮, ટી.પી.સ્કીમ નં. ૫૩ (ઈશનપુર), મોજે ગામ ઈશનપુર, તાલુકો મણીનગર, પેટા રજીસ્ટ્રેશન અમદાવાદ-૫ (નારોલ) અને રજીસ્ટ્રેશન જીલ્લો અમદાવાદની અંદર/ February 14, 2025	November 11, 2024 Rs. 1795411.00/-	અમદાવાદ

ઉપર જણાવેલા કરજદાર(રો) જમીનદાર (રો) અહીં બાકી નાણાં પરત કરી જવા માટે ૩૦ દિવસની નોટીસ આપવામાં આવે છે. નહીં તો કલમ ૮ અને ૯ સિકયુરિટી ઈન્ટરેસ્ટ (ઈન્ફોર્સમેન્ટ) રૂલ, ૨૦૦૨ની જોગવાઈ મુજબ જામીન તરીકે મુકેલી મિલ્કત આ નોટીસ પ્રસિદ્ધ થયાનાં ૩૦ દિવસ બાદ વેચી દેવામાં આવશે.
તારીખ : ૧૭-૦૨-૨૦૨૫
સ્થળ : અમદાવાદ
નિષ્ઠાપૂર્વક અધિકૃત સહીકર્તા
આઈસીઆઈસીઆઈ બેંક લિમિટેડ

સંદેશ ક્લાસિફાઈડ
થોડા ખર્ચે પહોંચો લાખો લોકો સુધી
જ્યોતિષ
અંબિકા જ્યોતિષ
Reg. No : 40872
A to Z સમસ્યાનો ઝડપી નિકાલ.
લગ્ન, સંતાન, ધંધા, લવપ્રોબ્લમ, ઘરકંકાશ, પતિ પત્નીના અણબનાવ, અને અંગત સમસ્યા, NRI.
ગોલ્ડ મેડાલિસ્ટ
યોગેશભાઈ જોષી
૫૧ વર્ષના અનુભવી અને જુના અને જાણીતા
નિરાશ થયેલા ભાઈ બહેનો અવશ્ય મળો.
બી-૧૦૯, ધ સેન્ટર-૨ (સંદ્રાણ એપર્ટમેન્ટ) વિકેશ ટાવરની બાજુમાં, નારણપુરા સ્ટર રસ્તા, અમદાવાદ.
9879803955
ક્લાસિફાઈડ જાહેરાત માટે સંપર્ક કરો
૯૮૨૪૦૨૧૩૭૭, ૯૭૨૭૬૮૨૮૩૩

હાલોલ ગ્રામ્ય પોલીસ મથકનો પ્રો. PSI એક લાખની લાંચ લેતાં ઝડપાયો

ગોધરા

પંચમહાલ એ.સી.બી.દ્વારા આજરોજ ગોઠવાયેલા લાંચનાં છટકામાં હાલોલ ગ્રામ્ય પોલીસ મથકના પ્રો. પોલીસ સબ ઈન્સ્પેક્ટર મેહુલ રમેશભાઈ ભરવાડને રૂા.૧ લાખ ની લાંચ લેતા ઝડપી પાડતાં પોલીસ બેડામાં ચકચાર મચી ગઈ છે. લાંચિયા પ્રો. પોલીસ સબ ઈન્સ્પેક્ટર દ્વારા એક ગુનામાં વોન્ટેડ જાહેર કરી, મારઝૂડ નહી કરવા અને હેરાન નહી કરવા માટે રૂા.૨.૫૦ લાખની માંગ કરી હતી. જેમાં વાતચીતનાં અંતે રૂા.૧ લાખની સગવડ થતા ગોધરા એ.સી.બી. દ્વારા ગોઠવાયેલી લાંચના છટકામાં પ્રો.પી. એસ.આઈ આબાદ ઝડપાઈ ગયો હતો.

હાલોલ ગ્રામ્ય પોલીસ મથકના પ્રો.પોલીસ સબ ઈન્સ્પેક્ટર મેહુલ રમેશભાઈ ભરવાડે ફરિયાદી સામે હાલોલ રૂરલ પોલીસ મથક ખાતે નોંધાયેલા ગુનામાં વોન્ટેડ જાહેર કરી મારઝૂડ નહી કરવા તેમજ હેરાન નહી કરવા માટે રૂા.૨.૫૦ લાખની લાંચની માંગણી કરી હતી. જેમાં ફરિયાદીએ હાલમાં રૂા.૧ લાખની સગવડ થશે તેમ જણાવતાં જેટલા રૂપિયાની સગવડ થઈ હોય તેટલા રૂપિયા લઈ આવવા જણાવ્યું હતું. પરંતુ ફરિયાદી લાંચની રકમ નહી આપવા માંગતા હોઈ તેઓએ ગોધરા એ.સી.બી.નો સંપર્ક સાધ્યો હતો. જેથી ગોધરા એ.સી. બી.દ્વારા સમગ્ર લાંચનું છટકુ ગોઠવતાં આરોપી રૂા.૧ લાખ સ્વીકારતા રંગેહાથ ઝડપી પાડયો હતો. સમગ્ર મામલે ગોધરા એ.સી.બી.એ મેહુલ ભરવાડની ધરપકડ કરી વધુ આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ડિંડોલીમાં પ્રેમીને થાંભલા સાથે બાંધીને ફટકાર્યો

સુરત : નવાગામ ડિંડોલીમાં વેલેન્ટાઇન ડેના દિવસે જ પ્રેમ પ્રકરણની આશંકામાં યુવકને થાંભલા સાથે બાંધી બેલ્ટ અને સળિયા વડે ફટકારવામાં આવતો હોય તેવો વીડિયો વાયરલ થતાં પોલીસ દોડતી થઈ હતી. યુવકની ફરિયાદ પ્રમાણે તેની પર એક યુવતી સાથે પ્રેમસંબંધ હોવાની આશંકા રાખી તેના સગીર પિતરાઈએ બે સ્વજનો સાથે મળી ૧૪મીએ પોતાના ઘરે બોલાવ્યો હતો અને થાંભલા સાથે બાંધી દીધો હતો. પ્રેમ પ્રકરણની કબૂલાત કરાવવા માટે તેને બેલ્ટ અને સળિયા વડે ક્રૂરતાપૂર્વક માર મારી વીડિયો પણ ઉતારી લઈ તેને સોશિયલ મીડિયા પણ વાયરલ કર્યો હતો. પોલીસે યુવકની ફરિયાદને આધારે બે સગીર તથા ૨૫ વર્ષીય અજય રવીન્દ્ર ઠાકોર (રહે. સુમનધારા સોસા., નવાગામ ડિંડોલી)ની ધરપકડ કરી હતી.

HDFC BANK
હેડ ઓફિસઃ એચડીએફસી બેન્ક હાઉસ, સેનાપતિ બાપટ માર્ગ, લોઅર પરેલ (પશ્ચિમ), મુંબઈ-૪૦૦૦૧૩
પ્રાદેશિક ઓફિસઃ સ્પેશિયલ ઓપરેશન વિભાગ, પેનિન્સ્યુલા બિઝનેસ પાર્ક, બી-વિંગ, ચોથો માળ, ડાઉન મિલ્સ કમ્પાઉન્ડ, ગણપત રાવ કદમ માર્ગ, લોઅર પરેલ, મુંબઈ-૪૦૦૦૧૩
ઈ-હરાજી વેચાણ નોટિસ
સ્થાવર મિલકતોના વેચાણ માટે ઈ-હરાજી માટે જાહેર નોટિસ
સિક્યુરિટાઈઝશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ સહિત વંચાણે લેતા સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ, ૨૦૦૨ના નિયમ ૮(૬)ની જોગવાઈઓ હેઠળ બેન્ક પાસે ગીરો મુકાયેલ સ્થાવર મિલકતોના વેચાણ માટે ઈ-હરાજી વેચાણ નોટિસ
આથી આ નોટિસ જાહેર જનતાને તથા વિશેષરૂપે દેવાદાર(રો)/ગિરવેદાર(રો)/જામીનદાર(રો)ને આપવામાં આવે છે કે, એચડીએફસી બેન્ક લિ.ના અધિકૃત અધિકારી(ઓ)એ નીચે આપેલ લોન ખાતાઓમાં સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ની સેક્શન ૧૩(૨) હેઠળ જારી કરેલ ડિમાન્ડ નોટિસ અન્વયે, ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ (CJM)ના હુકમથી નીચે આપેલ મિલકતોનો ભૌતિક કબજો મેળવી લીધેલ તે વેચાણના હક સાથે તે મિલકત "જે છે ત્યાં છે", "જે છે તે છે" "જે કંઈ છે ત્યાં છે" અને રિકોર્સ વગર આધારે" બેન્કની બાકી લેણા રકમ વત્તા અહીં નીચે મુજબના વ્યાજની વસૂલી તથા તે જ ચુકવણી કરવામાં કસૂર કરતા, અહીં નીચે સહી કરનારે સદર એક્ટની સેક્શન ૧૩(૪) સહિત વંચાણે લેતા સદર રૂલ્સનાં રૂલ ૮ હેઠળ મળેલ સત્તાની રૂએ બેંકના બાકી લેણાની વસૂલી માટે સદર મિલકત/તો વેચાણ માટે પ્રસ્તાવ કરે છે. નીચે જણાવેલ મિલકતનું વેચાણ ઈ-હરાજી પ્લેટફોર્મ દ્વારા ઈ-હરાજી દ્વારા કરવામાં આવશે.
સ્થાવર મિલકતોનું વિવરણ

શાખાનું નામ અને ખાતું	મિલકત ગિરવે મૂકનારનું નામ	ગિરવે મિલકતની વિગતો	ડિમાન્ડ નોટિસ મુજબ રકમ / ડિમાન્ડ નોટિસ તારીખ	નિરીક્ષણ તારીખ અને સમય	અનામત કિંમત / ઈએમડી / બીડ વધારા રકમ	ઈ-હરાજીની તારીખ/સમય	બિડો સ્વીકૃતિની અંતિમ તારીખ	અધિકૃત અધિકારીનું નામ/ફોન નં./ ઈ-મેલ આઈડી
એચડીએફસી બેન્ક લિ., મુંબઈ. ખાતું મે. ક્યૂવી ફૂડ્સ પ્રાઇવેટ લિમિટેડ	ગિરવેદાર : શ્રીમતી ઉષા હરિસુમન ત્રિવેદી અને શ્રી હરિસુમન ગોપીરામ ત્રિવેદી	બંગલા નં. ૧૯, સ્વાગત મહલ, સન સિટી કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટી લિ., સર્વે નં. ૬૯૦, ફાઇનલ પ્લોટ નં. ૨૪૬ ટાઉન પ્લાનિંગ સ્કીમ નં.-૨૨, સ્વાગત સ્ટેટસ-૨ પાસે, ન્યૂ સી.જી. રોડ, ચાંદખેડા અને જી. અમદાવાદ-૩૮૨૪૨૪, ગુજરાત. જમીન માપ ૨૪૩૩ ચો. ફૂટ નેટ પ્લોટ એરિયા-૨૨૬.૦૮ ચો.મી., પ્રિમાઇસિસનો બિલ્ટ-અપ એરિયા ૨૬૨૯ ચો. ફૂટ (૨૪૪.૩૭૬ ચો. મી.)	રૂા. ૬,૦૭,૮૮,૩૨૮.૯૧/- વત્તા ૦૭ ડિસેમ્બર, ૨૦૧૭ના રોજથી આગામી વ્યાજ તથા આ સુવિધા હેઠળ પૂર્ણ અને અંતિમ ચુકવણી સુધીના કોસ્ટ્સ અને ખર્ચા સહિત ૦૬-૧૨-૨૦૧૭	૨૫, ફેબ્રુઆરી ૨૦૨૫ સવારે ૧૦.૩૦ થી બપોરે ૦૧.૦૦ કલાક સુધી	રૂા. ૨,૧૪,૦૦,૦૦૦/- / રૂા. ૨૧,૪૦,૦૦૦/- / રૂા. ૧,૦૦,૦૦૦/-	૦૫, માર્ચ ૨૦૨૫ બપોરે ૧૧-૩૦ થી ૧૨-૩૦ કલાક સુધી	૦૪, માર્ચ ૨૦૨૫ ના રોજ બપોરે ૪-૦૦ કલાકે	પ્રાંજીલ અગ્રવાલ મોબાઈલ : ૯૫૯૪૮૮૩૯૬૮ pranjil.agrawal@hdfcbank.com

નિયમો અને શરતો :
૧. આ ઈ-હરાજી "જે છે ત્યાં છે, જે છે તે છે, જે કંઈ છે ત્યાં છે" અને રિકોર્સ વગર આધારે યોજવામાં આવશે.
૨. ઈચ્છુક બિડરોએ તેમની ઈએમડી વિગતો અને દસ્તાવેજો વેબ પોર્ટલ : https://www.bankeauctions.com (https://www.bankeauctions.com પર તમારું નામ ફ્રીમાં રજિસ્ટર કરાવી યૂઝર આઈડી અને પાસવર્ડ મેળવી શકાશે) યૂઝર આઈડી અને પાસવર્ડ દ્વારા જમા કરાવવાના રહેશે. ઈએમડી એનઈએફટી/આરટીજીએસ દ્વારા નીચે આપેલ ખાતામાં જમા કરાવવાની રહેશે ખાતું : ૫૬૫૦૦૦૦૦૦૮૨૬૧, ખાતાનું નામ: ડીએફએસઓ ટ્રાન્ઝીટરી એકાઉન્ટ, લાભાર્થીનું નામ : એચડીએફસી બેન્ક લિ., આઈએફએસસી કોડ : HDFC0000240. કૃપા કરી નોંધ લેશો કે ઈએમડીની રકમ ચેક/ડિમાન્ડ ડ્રાફ્ટ રૂપે સ્વીકૃત કરવામાં આવશે નહિ.
૩. અધિકૃત અધિકારીની જાણ અને માહિતી મુજબ, આ મિલકત ઉપર મિલકત વેરો, સોસાયટી લેણા વગેરે જેવી કોઈ વૈધાનિક ચુકવણીનો બોજો નથી. આ બેન્ક અન્ય કોઈ પણ વર્તમાન/પૂર્વના/ભાવિ બાકી વૈધાનિક અને બિન-વૈધાનિક લેણા/બોજો/ટેક્સ વધારો/સોસાયટી લેણા, જો હોય તો તે માટે જવાબદાર નથી. ઈચ્છુક બીડરોએ મિલકત/તોના બોજા, ટાઈટલ વગેરે સંબંધિત સ્વતંત્ર તપાસ કરી નિરીક્ષણ થકી સુનિશ્ચિત કરી લેવું. મિલકતોનું નિરીક્ષણ ઉપર દર્શાવેલ તારીખે અને સમયે જ કરી શકાશે.
૪. ઈચ્છુક બીડરો જેમણે ઈએમડી જમા કરાવી હોય અને તેમને લોગ-ઈન આઈડી બનાવવા અને પાસવર્ડ, કેટા અપલોડ કરવા, બિડ જમા કરાવવા ઈ-બિડીંગ પ્રક્રિયાની તાલીમ વગેરે સંબંધિત સહાય માટે મે. સી-૧ ઈન્ડિયા પ્રાઇવેટ લિમિટેડ, પ્લોટ નં. ૬૮, ત્રીજો માળ, સેક્ટર ૪૪, ગુડગાંવ, હરિયાણા-૧૨૨૦૦૩, હેલ્પલાઈન નં. ૭૨૯૧૯૮૧૧૨૪/૨૫/૨૬, શ્રી ભાવિક પંડ્યા, મોબાઇલ : ૮૮૬૬૬૮૨૮૩૭, હેલ્પલાઈન ઈ-મેલ આઈડી support@bankeauctions.com અને મિલકત સંબંધિત કોઈપણ પ્રશ્નો માટે ઉપર દર્શાવેલ સંબંધિત અધિકૃત અધિકારીનો કામકાજના કલાકો (સવારના ૧૦ થી સાંજના ૫)માં સંપર્ક કરી શકે છે.
૫. ઉચ્ચતમ બીડ એચડીએફસી બેન્ક લિમિટેડની સ્વીકૃતિને અધિન રહેશે. અધિકૃત અધિકારી કોઈપણ કારણ દર્શાવ્યા વગર મળેલી ઓફરો/બિડોમાંથી તમામ અથવા તેમાંની કોઈ પણ ઓફર સ્વીકૃત/રદ કરવાનો અધિકાર અબાધિત ધરાવે છે. તેમનો નિર્ણય અંતિમ અને બંધનકર્તા રહેશે.
(વિસ્તૃત નિયમો અને શરતો માટે કૃપા કરી અમારી વેબસાઈટ જુઓ : www.hdfcbank.com અને https://hdfcbank.auctiontiger.net)

સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમ ૨૦૦૨ના રૂલ ૯(૧) હેઠળ વૈધાનિક ૧૫ દિવસની વેચાણ નોટિસ
આ નોટિસને સદર લોન ખાતાના દેવાદાર(રો)/ગિરવેદાર(રો)/જામીનદાર(રો) એ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂ